सत्यमेव जयते

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૫/૨૦૧૨ | | | | | |
| રજીસ્ટર તારીખ | ૨૩/૦૫/૨૦૧૨ | | | | | |
| ફેસલ તારીખ | ૧૨/૦૧/૨૦૨૨ | | | | | |
| સમયગાળો | *વર્ષ* | *૯* | *માસ* | *૭* | *દિવસ* | *૨૦* |

.................................................................................

**નામદાર જયુડીશીયલ મજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ,**
**સાગબારા,મુ.સાગબારા,જી.નર્મદા.**

.................................................................................

**ક્રિમીનલ કેસ નં. ૧૯૭/૨૦૧૨**
**આંક:–૨૮**

**<u>ફરીયાદી</u>:** **શ્રી સ ર કા ર**

(મુળ ફરીયાદી જાલમસીંગ ગુલીયાભાઈ વસાવા
રહે.તાબદા તા.ડેડીયાપાડા જી.નર્મદા)

**::–<u>વિરૂધ્ધ</u>–::**

**<u>આરોપીઓ</u>:–**

(૧) જીતુભાઈ લીંબાભાઈ નકુમ (ડેડીયાપાડા પો.સ્ટે.પો.કો.બ.નં.૫૬૭)
હાલ–વ્યારા પો.સ્ટે.તા.જી.તાપી.

(૨) કરશનભાઈ મગનભાઈ ચૌધરી (ડેડીયાપાડા પો.સ્ટે.પો.કો.બ.નં.૫૬૮)
હાલ–કેવડીયા કોલોની પો.સ્ટે.,તા.ગરૂડેશ્વર,જી.નર્મદા.

**<u>ગુન્હો</u>: ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબ.**

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી કે.આર.ચૌધરી
આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.એલ.વલવી.

---

## // ચુ કા દો //

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમા હકીકત એવી છે કે,

ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં.ફર્સ્ટ ૨/૨૦૧૨ ના કામે પકડવામા આવેલ આરોપી(આ કામનાં મુળ ફરીયાદી) જાલમસીંગ ગુલીયાભાઈ વસાવાએ પોલીસ કસ્ટડી દરમ્યાન તેઓને આ કામના આરોપી જીતુભાઈ લીંબાભાઈ નકુમ (ડેડીયાપાડા પો.સ્ટે.પો.કો. બ.નં. ૫૬૭) તથા કરશનભાઈ મગનભાઈ ચૌધરી (ડેડીયાપાડા પો.સ્ટે.પો.કો.બ.નં.૫૬૮) નાઓ એ લાકડી તથા હાથની મુઢીઓથી માથામાં,પીઠના ભાગે તથા પગના નડામાં માર મારેલ તથા લાકડીના ગોદાથી છાતીમાં માર મારેલ હોવાની ફરીયાદ જયુ.મેજી.ફર્સ્ટ કલાસશ્રી –ડેડીયાપાડા સમક્ષ કરતા, જયુ.મેજી.ફર્સ્ટ કલાસશ્રી–ડેડીયાપાડાએ આ કામના મુળ ફરીયાદીનુ નિવેદન નોંધી તેઓને મેડીકલ તપાસણી અર્થે મોકલી આપેલ.ત્યારબાદ આ બનાવ અંગે બીજા એડી.સીની.સીવીલ જજ અને એડી.ચીફ જયુ.મેજી.શ્રી રાજપીપળાનાઓને તપાસ સોંપવામા આવતા તેઓએ સદર બનાવની તપાસ કરી તે અંગે પોતાનો રીપોર્ટ ખાનગી જાવક નં.૬/૨૦૧૨ તા.૧૭/૦૫/૨૦૧૨ ના રોજ મહે. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબ,રાજપીપળાનાઓને સબમીટ કરતા મહે.પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબ,રાજપીપળાનાઓએ હુકમ નં.૧૦૩/૨૦૧૨ તા.૨૧/૦૫/૨૦૧૨ ના રોજ અત્રેની કોર્ટને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબના ગુના સબબ કાયદાની જોગવાઈ મુજબ ફરીયાદ દાખલ કરવાનો હુકમ કરતા, સદર કેસને અત્રેની કોર્ટનાં ફોજદારી કેસ નં.૧૯૭/૨૦૧૨ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ અને કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૨) સદર કામનો સમન્સ આરોપીઓને ધોરણસર બજેલ છે અને આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને ક્રિ.પ્રો.કો. ની કલમ ૨૦૭ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે રજુ થયેલ પોલીસ તપાસનાં કાગળોની નકલો આપ્યા બાદ આ કામના આરોપીઓની **આંક–૯ તથા આંક–૧૦ થી પ્લી** નોંધતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સબબ કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકકીતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**:–<u>મૌખિક પુરાવાઓ</u>–:**

| <u>અ.નં.</u> | <u>આંક</u> | <u>સાહેદનુ નામ</u> |
|---|---|---|
| ૧. | ૨૬ | ફરી.જાલમસીંગ ગુલીયાભાઈ વસાવાની જુબાની. |
| ૨. | ૨૭ | ફરી.તરફે કલોઝીંગ પુરશીષ. |

(૪) સદર કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ ઉપર ન આવતા સદર કામે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ નહી.હાલમાં કોરાના વાયરસનાં સંક્રમણને અટકાવવાનાં હેતુસર નામ.ગુજરાત હાઈકોર્ટનાં માર્ગદર્શન મુજબ કોર્ટની કાર્યવાહી વર્ચ્યુઅલ મોડથી ચલાવવાની થતી હોય જેથી સદર કેસમાં બંને પક્ષોની દલીલો વિડીયો કોન્ફરન્સથી સાંભળવામાં આવેલ છે.

(૫) સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ બન્ને પક્ષે રજુઆત, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ઘ્યાને લઈ સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

**<u>: મુદ્દા :</u>**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,ડેડીયાપાડા પો.સ્ટે. ગુ.ર.નં. ફર્સ્ટ ૨/૨૦૧૨ ના કામે પકડવામા આવેલ આરોપી(આ કામનાં મુળ ફરીયાદી)ને પોલીસ કસ્ટડી દરમ્યાન આ કામના આરોપીઓએ લાકડી તથા હાથની મુઢીઓ થી માથામાં,પીઠના ભાગે તથા પગના નડામાં તથા લાકડીના ગોદાથી છાતીમાં માર મારી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનો ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ : નકારમાં.**
**મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.**

**<u>:: નિર્ણયના કારણો ::</u>**

## (૭) <u>રેકર્ડ ઉપર આવેલ પુરાવાની ચર્ચા :-</u>

સદર કામે મુદ્દાની ચર્ચા કરતા પહેલા રેકર્ડ ઉપર આવેલ પુરાવાની ચર્ચા કરવી મને ઉચિત અને આવશ્યક જણાય છે જેથી નીચે મુજબની ચર્ચા કરવામાં આવે છે.

(૮) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકીકતના સમર્થનમાં **આંક- ૨૬ થી ફરી.જાલમસીંગ ગુલીયાભાઈ વસાવા**ને સોગંદ પર તપાસેલા છે.સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન ન કરતા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેમની ઉલટતપાસ કરેલ છે.તેમ છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી.સદર ફરીયાદીને કોર્ટ રૂબરૂ તેઓએ આપેલ ફરીયાદ બતાવવામા આવતા તેમા પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે.**સદર ફરીયાદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે,જેમા તેઓ એ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,**જે તે સમયે તેઓને મોતીભાઈ સાથે ઝઘડો થયેલ અને તેમા મોતીભાઈએ તેઓને માર મારેલ.તેઓ તે હકીકત કબુલ કરે છે કે,તેઓને શરીરે જે ઈજાઓ થયેલી તે ઈજાઓ મોતીભાઈએ તેઓને માર મારેલ તેના કારણે થયેલી.તેઓ તે હકીકત કબુલ કરે છે કે,હાલના આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ ન હતો.તેઓ જણાવે છે કે, મોતીભાઈ સાથે થયેલ ઝઘડા બાબતે પોલીસે તેઓની ફરીયાદ ન લેતા ગુસ્સામા અને આવેશમા આવી તેઓને આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરીયાદ આપેલી.

## (૯) <u>મુદ્દા નં.૧ ની ચર્ચા:-</u>

કોઈપણ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે ત્યારે ટ્રાયલ કોર્ટે ફોજદારી શાસ્ત્રના બે સ્થાપીત અનુમાનો સાથે ટ્રાયલ ચલાવવાની હોય છે. પ્રથમ અનુમાનમાં આરોપી નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીની શરુઆત કરવામાં આવતી હોય છે અને આરોપીની વિરૂધ્ધમાં કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને તે જવાબદારી કોઈપણ સમયે ઓછી થતી નથી. આરોપી સામે ગુનો કર્યાની શંકા ગમે તેટલી પ્રબળ હોવા છતા તે પુરાવાનુ સ્થાન લઈ શકતી નથી.

વધુમાં, જે સાહેદો કોર્ટમાં આવીને સોગંદ ઉપર જુબાની આપતા હોય તેઓ સાચુ જ બોલતા હોય છે તેવા અનુમાન સાથે ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. પુરાવાનાં મુલ્યાંકન કરવા માટે ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ ચોકકસ માપદંડ કે નિતી નિયમો ઘડવામાં આવેલ નથી. દરેક ફોજદારી કેસની હકીકતો અને સંજોગો અલગ અલગ હોય છે અને તે હકીકતો અને સંજોગોને લક્ષમાં રાખીને પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. ફોજદારી કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે બે બાબતને ઘ્યાનમાં રાખવાની હોય છે. પ્રથમ બાબત એ છે કે કોઈ પણ નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થાય અને બીજી બાબત એ છે કે કોઈ ગુનેગાર ગુનાહીત કૃત્યમાંથી ખોટી રીતે છટકી ન જાય. સાહેદો જયારે કોર્ટમાં જુબાની આપવા આવે છે ત્યારે સામાન્ય રીતે તેઓ સબળ મનોબળ ધરાવતા હોતા નથી, તેઓ કાયદાકીય આંટીઘુંટી થી પરિચિત હોતા નથી. તેવા સંજોગોમાં તેઓ ઘણીવાર પોતાની જુબાનીમાં વિરોધાભાષ, વિસંગતતા, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે ફરીયાદપક્ષનાં કેસ ઉપર કોઈ વિપરીત કે ઘાતક અસર થતી ન હોય તો આવી અસંગતતા વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ. પરંતુ જો આવા અતિરેક કે વિસંગતતા કે વિરોધાભાસ ફરીયાદપક્ષનાં મુળભુત કેસને અસર કરતા હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. સાહેદોનાં પુરાવામાં સચ્ચાઈનો રણકો, તેની આધારભુતતા, વિશ્ર્વસનીયતા મહત્વતા ધરાવે છે. ટ્રાયલ કોર્ટે કરેલા પુરાવાનાં મુલ્યાંકનને એટલા માટે મહત્વ આપવામાં આવે છે કે ટ્રાયલ કોર્ટે જુબાની નોંધેલ છે અને સાહેદને પ્રત્યક્ષ રીતે જોયેલા છે તે કારણે ટ્રાયલ કોર્ટે કરેલ મુલ્યાંકન વધારે આધારભુત હોઈ શકે. પુરાવાના મુલ્યાંકન માટે કાનુની જોગવાઈ, મહત્વના ચુકાદાઓ માર્ગદર્શક છે. પરંતુ પ્રત્યેક કેસના સંજોગો પરથી જ રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન થાય છે. ફરીયાદપક્ષે રજુ કરેલો પુરાવો લેખિત હોય, મૌખિક હોય કે સાંયોગિક હોય તેમજ રજુ થતો પુરાવો સ્વતંત્ર સાહેદોનો હોય કે નજરે જોનાર સાહેદોનો હોય કે નિષ્ણાત અથવા પોલીસ અધિકારીનો પુરાવો હોય, નિર્ણાયક પરિબળ પુરાવાની ''વિશ્ર્વસનીયતા'' છે. પુરાવો કોઈપણ પ્રકારનો હોય પરંતુ તેમાં જયારે શંકાનું તત્વ પ્રવેશે અથવા શંકાને સ્થાન હોય ત્યારે તેવો પુરાવો ફરીયાદપક્ષની નિષ્ફળતામાં પરિણમે છે. કયા સંજોગોમાં

કેવો પુરાવો વિશ્વસનીય ગણાય અથવા ન ગણાય તે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતનાં તથા વિવિધ ઉચ્ચ અદાલતોના માર્ગદર્શક ચુકાદાઓ ઉપયોગી બને છે તથા અનુરૂપ કિસ્સામાં તે લાગુ કરી શકાય. તે ચુકાદાઓ માર્ગદર્શક છે, કાનુનનું અર્થઘટન છે, કાનુન પરનું ચિંતન છે તથા માનવસ્વભાવનું નિરૂપણ છે પરંતુ પુરાવાનાં નિયમો નથી. દરેક કેસનાં સંજોગો ઉપરથી પુરાવાની વિશ્વસનીયતા નકકી કરવાની રહે છે.

**(૧૦)** ઉપરોકત સિધ્ધાંતોને લક્ષમાં રાખી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકીકતના સમર્થનમાં આંક– ૨૬ થી ફરી.જાલમસીંગ ગુલીયાભાઈ વસાવાને સોગંદ પર તપાસેલા છે.સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન ન કરતા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેમની ઉલટતપાસ કરેલ છે.તેમ છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી.સદર ફરીયાદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે,જેમા તેઓએ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,જે તે સમયે તેઓને મોતીભાઈ સાથે ઝઘડો થયેલ અને તેમા મોતીભાઈએ તેઓને માર મારેલ તેમજ તેઓને શરીરે જે ઈજાઓ થયેલી તે ઈજાઓ મોતીભાઈએ તેઓને માર મારેલ તેના કારણે થયેલી તથા હાલના આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ ન હતો.તેઓ જણાવે છે કે, મોતીભાઈ સાથે થયેલ ઝઘડા બાબતે પોલીસે તેઓની ફરીયાદ ન લેતા ગુસ્સામા અને આવેશમા આવી તેઓને આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરીયાદ આપેલી.આ કામે ફરીયાદીએ વઘુ પુરાવો ન તપાસતા **આંક–૨૭ થી કલોઝીંગ** પુરશીષ આપી પોતાનો પુરાવો પુર્ણ થયેલ હોવાનુ જાહેર કરેલ છે.આમ,ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા બનાવ વખતે આ કામના આરોપીઓ ફરીયાદી ને માર મારી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ હોઈ **મુદ્દા નં.૧** નો જવાબ "**નકારમાં**" આપુ છું.

**(૧૧)** આમ, આ કેસમાં રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાનું જિણવટભરી રીતે મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદીને માર મારી ઈજા પહોંચાડી ભારતીય દંડ

સંહિતાની કલમ–૩૨૩ મુજબનો અપરાધ કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ ન હોઈ **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ **હુકમ** કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

**(૧)** આ કામના આરોપી (૧)જીતુભાઈ લીંબાભાઈ નકુમ (ડેડીયાપાડા પો.સ્ટે.પો.કો. બ.નં.પ૬૭)હાલ–વ્યારા પો.સ્ટે.તા.જી.તાપી તથા (૨) કરશનભાઈ મગનભાઈ ચૌધરી (ડેડીયાપાડા પો.સ્ટે.પો.કો.બ.નં.પ૬૮)હાલ–કેવડીયા કોલોની પો.સ્ટે., તા.ગરૂડેશ્વર, જી.નર્મદાવાળાઓને ક્રિ.પ્રો.કો.કલમ:– ૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ્દ કરવામાં આવે છે તથા ક્રિ.પ્રો.કો.કલમ:–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલનાં કામમાં હાજર રહેવા સારુ આજથી છ માસ સુધીનાં સમય ગાળા માટે પ્રત્યેક આરોપીએ રુા.૫૦૦૦/–અંકે રુપીયા પાંચહજારનાં સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજરોજ તારીખ ૧૨ મી માહે–જાન્યુઆરી,સને–૨૦૨૨ નાં રોજ વિડીયો કોન્ફરન્સનાં માધ્યમથી મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સાગબારા.
તા: ૧૨–૦૧–૨૦૨૨

**અકબરઅલી ફખ્રેઆલમ અન્સારી**
જયુ.મેજી. ફર્સ્ટ કલાસ,
સાગબારા.
જીજે૦૧૨૬૪